**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુત્તમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૬ ટકા

# શહેરમાં રાત્રે ઠંડી, દિવસે ગરમી : બેવડી ઋતુનો અનુભવ

## લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સુધી ગગડી જતાં રાત્રે અને વહેલી સવારે ઠંડી લાગે છે જયારે દિવસે તડકો આકરો લાગતા ગરમી અનુભવાય છે

ગાંધીનગર, તા.૩
ઠંડીનો ચમકારો ઘણા દિવસોથી દેખાયો છે પરંતુ હજુ સુધી કડકડતી ઠંડી પડી નથી. લઘુત્તમ તાપમાન કયારેક નીચું જાય છે તો કયારેક વધે છે પરંતુ મહત્તમ તાપમાન ૩૨-૩૩ ડિ.સે. રહેતા દિવસે હજુ કયારેક ગરમી અનુભવાય છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડક છવાતા બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એકાદ મહિનાથી ઠંડીનો વધુ અનુભવ થાય છે. મોટા ભાગે રાત્રિના સમયે જ વધુ ઠંડી અનુભવાય છે. છેલ્લા કેટલાક દિવસોના મહત્તમ અને લઘુત્તમ તાપમાનના આંકડાઓ પર નજર કરીએ તો લઘુત્તમ તાપમાનમાં એકાદ-બે ડિગ્રી જેટલો વધારો-ઘટાડો નોંધાય છે. જો કે હજુ સુધી લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે ગયું નથી. ૧૨ થી ૧૪ ડિ.સે.ની વચ્ચે જ તાપમાન રહે છે. જેના કારણે રાત્રિના સમયે ઘરની બહાર નીકળતા ઠંડી અનુભવાય છે.

દ્વિચક્રી વાહન પર ઘરની બહાર નીકળતા ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. જો કે દિવસે ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવું પડે તેવી આકરી ઠંડી હજુ પડતી નથી. મહત્તમ તાપમાન છેલ્લા ઘણા દિવસોથી ૩૦ ડિસેની ઉપર જ રહે છે. કયારેક મહત્તમ તાપમાન ૩૫ ડિ.સે. સુધી પહોંચી જતાં ગરમીનો અનુભવ થાય છે. બપોરે તો લાંબા સમય સુધી તડકામાં ઉભા રહી શકાતું નથી. બેવડી ઋતુનો અનુભવ ઘણા દિવસોથી થઈ રહ્યો છે. ડિસેમ્બર મહિનો બેસી ગયો છતાં હજુ કડકડતી ઠંડી પડતી નથી. બેવડી ઋતુના કારણે શરદી, ખાંસી અને તાવના દર્દીઓ વધ્યા છે. વળી કોરોનાના દર્દીઓમાં પણ વધારો થયો છે.



વિશ્વ વિકલાંગ દિવસ નિમિતે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા સેક્ટર-૨માં આવેલી દિવ્યાંગ બાળકોનું જતન કરતી સંસ્થા વિશેષ એજ્યુકેશન સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી અને બાળકોને ફૂટ વિતરણ કરવામાં આવ્યુ હતું.

# શહેરના ઘ-૬ સર્કલ નજીક વધી રહેલી ઝૂંપડપટ્ટીથી સ્થાનિક નાગરિકો ત્રાહિમામ

## ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારો દ્વારા ખુલ્લામાં શૌચ ક્રિયા તથા સ્નાનાદિ વગેરે કરવાને કારણે દુર્ગંધ અને ગંદકીનો માહોલ : ચોરી-ચકારી સહિતની અસમાજિક પ્રવૃતિઓ વધવાના જોખમ ઉપરાંત દારૂ પીને અસભ્ય ભાષામાં કજિયા-કંકાસથી બાળકો-મહિલાઓ ભયભીત થઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરમાં દિન પ્રતિદિન હંગામી દબાણો વધતાં જઇ રહ્યા છે જેના કારણે નાગરિકોને અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના મહત્વના ગણાતા ઘ-૬ સર્કલ વિસ્તારમાં પણ સતત વધી રહેલી ઝૂંપડપટ્ટીના કારણે આ વિસ્તારમાં રહેતા નાગરિકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. આ ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારો દ્વારા આસપાસની ખુલ્લી તેમજ વનવિભાગ આરક્ષિત જગ્યાઓમાં શૌચ ક્રિયા તથા સ્નાનાદિ વગેરે કરવાને કારણે આ વિસ્તારમાં વહેલી સવારથી દુર્ગંધ અને ગંદકીનો માહોલ સર્જાઈ રહ્યો છે તેમજ રોગચાળો ફેલાવાનું જોખમ ખડું થવા પામ્યું છે.

શહેરમાં અનેક વાર વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર હંગામી દબાણો દૂર કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી ચૂકી છે તેમ છતાં શહેરમાં ઝૂંપડપટ્ટીઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જઇ રહી છે. શહેરના મધ્યમાં અને જૂના સેક્ટરોમાં મહત્વના વિસ્તાર તરીકે જાણીતા ઘ-૬ સર્કલ પાસે પણ ઘણા લાંબા સમયથી ઝૂંપડપટ્ટીઓમા વધારો થઈ રહ્યો છે જે અંગે અગમ્ય કારણોસર તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. સતત વધી રહેલી ઝૂંપડપટ્ટીમાં વસતા શ્રમજીવી પરિવારોની સંખ્યા વધી રહી છે પરંતુ કાયદેસરના રહેઠાણ ના હોવાને કારણે તેમના માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ હોતી નથી. શૌચાલય સાહિતની સુવિધાઓનો અભાવ આ પરિવારો માટે ખુલ્લામાં શૌચ ક્રિયા તથા સ્નાનાદિ વગેરે માટે એક મજબૂરી બની જાય છે પરંતુ આ કારણે આસપાસના રહેણાક મકાનોમાં રહેતા નાગરિકો કે શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ કે વાણિજ્યિક એકમોના વેપારીઓ, ગ્રાહકો કે મુલાકાતીઓ માટે વળી સતત વધી રહેલી ઝૂંપડપટ્ટીના કારણે અનેક પ્રકારના અસમાજિક તત્વો અને દારૂ કે અન્ય પ્રકારનો નશો કરીને રખડતા ઈસમોની સંખ્યા પણ વધવા પામી રહી છે જે સ્થાનિક રહેવાસીઓ માટે નાની-મોટી ચોરી-ચકારીથી માંડીને અનેક પ્રકારના જોખમ ખડા કરી રહી છે. વારંવાર આ ઝૂંપડાવાસીઓ અને તેમના પરિવારોના વચ્ચેના કજિયા-કંકાસ તેમજ જાહેરમાં મોટેથી અસભ્ય ભાષાઓના પ્રયોગ સાથે દારૂ પીને છુટ્ટા હાથની મારમારી કરવા જેવા દ્રશ્યોથી સ્થાનિક નાગરિકો અને તેમના સંતાનો-મહિલાઓ ભયભીત થઈ રહ્યા છે. ઘ-૬ સર્કલની આસપાસના સેક્ટર-૨૨, સેક્ટર-૨૩, સેક્ટર-૨૮ અને સેક્ટર-૨૯ના કોર્નર વિસ્તારોમાં આ સમસ્યા માઝા મૂકી રહી છે ત્યારે આ વિસ્તારમાં સતત વધતી જઇ રહેલી ઝૂંપડપટ્ટી પર નિયંત્રણ સધાય અને સત્વરે આ ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક રહેવાસીઓમાં માંગ પ્રવર્તતી જોવા મળી રહી છે.

### વોક લેવા નીકળેલા નાગરિકોને ચાલવું મુશ્કેલ બને તે રીતે શૌચ ક્રિયા કરેલી હોય છે

ઘ-૬ નજીકની ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારો દ્વારા ખુલ્લામાં જાહેરમાં કરવામાં આવતી શૌચ ક્રિયા તથા સ્નાનાદિ વગેરેથી અસહ્ય ત્રાસ ભોગવવો પડી રહ્યો છે. આ વિસ્તારોમાં ખાસ કરીને વહેલી સવારના સમયે અને મોડી સાંજના સમયે જ્યારે સ્વાસ્થ્યપ્રેમી નાગરિકો મોર્નિંગ વોક કે ઈવનિંગ વોક લેવા નીકળે ત્યારે તેમના માટે સ્વચ્છ વાતાવરણની જગ્યાએ ગંદકીભર્યું અને દુર્ગંધયુક્ત વાતાવરણ પ્રાપ્ત થઈ રહ્યું છે જે તેમના સ્વાસ્થ્ય માટે જોખમી બની રહે છે. કેટલાક રસ્તાઓ પર તો ચાલવું મુશ્કેલ બને તે રીતે શૌચ ક્રિયા કરેલી હોય છે જેના કારણે સ્થાનિક નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

# શહેરમાં કોરોનાના કહેર વચ્ચે પણ મોટી માત્રામાં લગ્ન સમારોહ

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર શહેરમાં શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં પણ લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે. કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે ગણ્યાંગાંઠ્યા મહેમાનોની હાજરીમાં નવદંપતિઓ નવી જીંદગીનો પ્રારંભ કરી રહ્યા છે. કોરોનાના ભય અને સરકારી નિતિ-નિયમો વચ્ચે લગ્નસરાની શરણાઈ ક્યાંક કયાંક સાંભળવા મળી રહી છે. ત્યારે શહેરમાં આગામી સમયમાં મોટી માત્રામાં લગ્ન સમારોહ યોજાશે. શહેરની આસપાસ આવેલી ગાર્ડન રેસ્ટોરન્ટ, હોટલ, પાર્ટી પ્લોટ, લગ્ન વાડી, રંગમંચ સહિતના સ્થળો પર હાઉસફુલના પાટીયા જોવા મળે છે. જયારે વેપારીઓ પણ નાના ઓર્ડર મેળવી કોરોના ડર વચ્ચે પણ ના છુટકે કામ ધંધે લાગ્યા છે. જયારે કોરોના કહેર વચ્ચે પણ યોજાતા લગ્ન મહોત્સવમાં ગણતરીની સંખ્યાને પગલે કોને બોલાવવા અને કોને નહી, કોઈને ખોટુ લાગશે તો, સહિતના પ્રશ્નો વચ્ચે વર અને કન્યા પક્ષના સભ્યોની હાલત કફોડી બની જાય છે.

કોરોનાના કોહરામ વચ્ચે પણ છેલ્લા આઠ માસથી બેસીને ઘર ચલાવી રહેલા વેપારીઓના ધંધામાં અચાનક તેજી આવી છે. હાલના સમયે લગ્નસરાની સિઝન ને પગલે ફુલવાળા, કેટરર્સ, મંડપ ડેકોરેશન, મહારાજ, ઢોલવાળા, બગી સહિતના વેપારીઓને પણ નાના ઓર્ડર મેળવીને રોજીરોટી કમાઈ રહ્યા છે. જયારે લગ્નસરાની મૌસમ હોવા છતા કોરોનાની સરકારી ગાઈડ લાઈનને નાગરીકો અનુસરતા હોવાથી બેન્ડવાજા તેમજ ડી.જે.ના ધંધામાં સ્થિતિ યથાવત જોવા મળી રહી છે. જયારે નાગરીકોને લગ્ન સમારોહમાં થતા કરોડો રૂપીયાના ખર્ચનો બચાવ થાય છે. તો બીજી તરફ કોરોનાને પગલે વર-કન્યા પક્ષના પરિવારના સભ્યો સાદગીથી લગ્નના ચાર ફેરા ફેરવી નવદંપતિને આશિર્વાદ આપતા નજરે પડી રહ્યા છે.

# ગલુદણ ગામે નદી કિનારે જુગારની બાજી માંડીને બેઠેલા ચાર શખ્સો પોલીસના હાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામે નદી કિનારે જુગારની બાજી માંડીને બેઠેલા ચાર શખ્સો પોલીસના હાથે ઝડપાયા હતા. પોલીસને દાવ પરથી રૂ.૧૪૦ અને જુગારીઓની અંગજડતી દરમિયાન ૩૧૭૦ મળીને કુલ રૂ.૩૩૧૦નો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સો સામે જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગ માં હતો. તે સમયે કોન્સ્ટેબલ મહોબતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગલુદણ ગામની નદી કિનારે વૃક્ષ નીચે બેસી જુગાર રમાય છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડતા જુગારીઓમાં દોડા દોડી થઈ ગઈ હતી.જો કે પોલીસે કોર્ડન કરીને તમામ જુગારીઓને ઝડપી લીધા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા ગલુદણ ગામના નદીવાળા વાસ ખાતે રહેતા તખાજી કેશાજી ઠાકોર, (ઉં.૪૭), કાંતજી રણાજી ઠાકોર (ઉ.વ.૫૪) રણજીતજી જશુજી ઠાકોર (ઉ.૨૫) તેમજ સોનારડાના લખાજી મંગાજી ઠાકોર (ઉં.૫૯) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૩૧૭૦ તેમજ દાવ પરથી મળીને રૂ.૧૪૦ મળીને કુલ રૂ. ૩૩૧૦ રૂપીયા જપ્ત કર્યા છે. પોલીસે ચારેય જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગલુદણ ગામે ખેતરમાં મહિલા પર કાકાજીના પરિવારે હુમલો કરતા ચકચાર

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર નજીક આવેલા ગલુદણ ગામે મહિલા પર કાકાજીના પરિવારના ચાર સભ્યોએ હુમલો કરતા હાહાકાર મચી ગયો હતો. ગલુદણ મોઢેશ્વરી માતાના મંદિર નજીક રહેતા પ્રેમીલાબેન કિરણજી ઠાકોર (ઉં.૩૫) આ અંગે પોલીસ ફરીયાદ નોંધાવી છે કે બુધવારના રોજ પ્રેમીલાબેન ખેતરમાં પશુઓ માટે ઘાસચારો લેવા માટે ગયા હતા. આ સમયે તેમના કાકાજી ભરતજી પ્રતાપજી ઠાકોર એ કાકીજી મધુબેન અને તેમનો દિકરો શૈલેષ અને તેની પત્ની ઈકો ગાડીમાં આવ્યા હતા. તેઓએ ખેતરમાં ઈકો ગાડી તેઓએ ખેતરમાં ગાડી ચલાવતા પ્રેમિલાબેન માર્ગ પર ગાડી ચાલાવવુ કહીને નુકસાન ન કરવા કહ્યું હતું. જેથી શૈલેષજીએ ગાડી ઉભી રાખી હતી. ત્યારબાદ ચારેય વ્યકિતઓએ અપશબ્દો બોલ્યા હતા. પ્રેમિલા બેને ગાળો બોલવાની ના પાડી હતી.ભરતજીએ ગાડીમાં કુહાડી કાઢીને હાથો વડે હુમલો કર્યો હતો. તેમનુ ઉપરાણુ લઈને તેમની પત્ની, પુત્ર અને પુત્રવધુએ પણ પ્રેમિલાબેનને ગળદાપાટુનો માર માર્યો હતો. હોહા થતા આસપાસના ખેતરમાં રહેતા નાગરીકો દોડી આવતા વધુ મારમાંથી છોડાવ્યા હતા. જયારે ચાર વ્યકિતએ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પ્રેમિલા બેન ગાંધીનગર સિવિલમાં સારવાર લઈને સમગ્ર મુદ્દે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જેતી ગલુદણ ખાતે રહેતા ભરતજી ઠાકોર, તેમના પત્ની મધુબેન અને પુત્ર શૈલેષ અને પુત્રવધુ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભોયણ રાઠોડ ગામેથી ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ગામની સીમમાંથી દેશી બનાવટની બંદુક સાથે એક ડફેરનો એસઓજી પોલીસે દબોચી લીધો છે. ગાંધીનગર એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ જગતસિંહને બાતમી મળી હતી કે ભોયણ રાઠોડ ગામની સીમમાં ઉમિયા ફાર્મની બાજુમાં આવેલી બાવળની ઝાડીઓમાં એક શખ્સ દેશી બનાવટની બંદુક સાથે ફરી રહ્યો છે. જેથી પોલીસે તાત્કાલીક પહોંચીને તેને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સનુ નામ પુછતા તેણે કલોલ તાલુકાના જેઠલજમાં રહેતા કાસમ કાળુભાઈ સિંધી (ડફેર ઉં.૫૫) હોવાનું ધ્યાને આવ્યું હતું. અંદાજીત સાડા ચાર ફુટની હાથ બનાવટની બંદુકમાં લાકડાના હાથામાં લોખંડની બેરલ ફીટ કરેલી છે અને નીચે પતરાનું ટ્રીગર લગાવ્યું છે. જેથી પોલીસે રૂ.૨ હજારની કિંમતની બંદુક કબ્જે કરીનો આરોપી સામે હથીયાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આઇઆઇટીઇનો ત્રીજો પદવીદાન સમારંભ ૨૪મી ડિસેમ્બરે યોજાશે

## કુલ ૧૫૨ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ૪ મેડલ્સ એનાયત થશે : આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદ્ ડૉ. રવીન્દ્ર દવેને ડિ.લિટ્.ની માનદ પદવી અપાશે

ગાંધીનગર, તા.૩
ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન દ્વારા યુનેસ્કોની ઈન્સ્ટિટ્યૂટ ફોર એજ્યુકેશનના ભૂતપૂર્વ ડાઈરેક્ટર અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદ્ ડૉ. રવીન્દ્ર દવેને ડિ.લિટ્.ની માનદ પદવીથી સન્માનવામાં આવશે. ટીચર યુનિવર્સિટીના તા. ૨૪મી ડિસેમ્બરે યોજાનારા ત્રીજા પદવીદાન સમારંભમાં કુલ ૧૫૨ વિદ્યાર્થીઓને ડિગ્રી અને વિવિધ શાખાના ૪ મેડલ્સ એનાયત થશે. પદવીદાન સમારંભ રાજયપાલ અને આઈઆઈટીઈના કુલાધિપતિ આચાર્ય દેવવ્રત, રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં યોજાશે.

ડૉ. રવીન્દ્ર દવેને ડિ.લિટ્.ની માનદ પદવીથી સન્માનવાના નિર્ણય વિશે આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું, 'ડૉ. રવીન્દ્ર દવેનું શિક્ષણમાં યોગદાન માત્ર ગુજરાત કે ભારત નહીં, સમગ્ર વિશ્વની શિક્ષણ વ્યવસ્થામાં રહ્યું છે. તેમને ડિ.લિટ્.ની માનદ પદવીથી સન્માનિત કરવા એ શિક્ષણ વ્યવસ્થામાં ભારતીય અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યોના સાયુજ્યને સન્માનવા જેવી ઘટના છે. ડૉ. દવેનું આ સન્માન, શિક્ષણ અને શિક્ષક પ્રશિક્ષણને સમર્પિત આઈઆઈટીઈ માટે ગૌરવની વાત છે.' પદવીદાન સમારંભમાં બી.એ.-બી.એડ., બી.એસસી.-બી.એડ., એમ.એસસી., એમ.એસસી.-એમ.એડ. કોર્સમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરવામાં આવશે. આ પદવીદાન સમારંભમાં જેમાં ટીચર યુનિવર્સિટીમાંથી વિવિધ કોર્સમાં અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલાં કુલ ૧૫૨ વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક પદવીઓ એનાયત કરવામાં આવશે. જેમાં એમ.એ. (એજ્યુકેશન)ના ૧૭, એમ.એ.ના ૪, એમ.એસસી. ૪૬, એમ.એસસી.-એમ.એડ.ના ૧૨, એમ.એ.-એમ.એડ.ના ૩, બી.એસસી.-બી.એડ.ના ૬૩, બી.એ.-બી.એડ.ના ૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે.

# લાયોનેસ કલબ દ્વારા વિશ્વ વિકલાંગ દિન નિમિત્તે સેવા કાર્ય કરાયું




ગાંધીનગર, તા.૩
વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર ગાંધીનગર ખાતે સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સખી વન સ્ટોપ સેન્ટર સંસ્થાની જરૂરિયાતમંદ બહેનોને તથા બાળકોને જરૂરી ચીજવસ્તુઓ જેમ કે શાલ, ધાબળા, સ્વેટર અનો અન્ય જરૂરી ચીજવસ્તુઓનું અનુદાન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સ્પોન્સર કિંપલબેન દેસાઈ હતા. સંસ્થાના પ્રમુખ મિત્તલબેન રાણા, સેક્રેટરી સ્વાતિ ગોર, ભૂતપૂર્વ પ્રમુખ હેમાબેન પટેલ પણ આ કાર્યમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત નીતાબેન ગામી, કૌશલ્યા કુંવરજી, સુરેશભાઈ પોપટ તથા લાયોનેસ કલબના સભ્યોએ આ સેવાકાર્યમાં હાજરી આપી હતી.

# ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. પટેલ બાબુભાઈ મોહનભાઈ, ઉ.વ. ૬૦, સેકટર-૧૬, ઝુંપડા, ગાંધીનગર
- સ્વ. પરમાર વસુબેન અંબુજી, ઉ.વ. ૫૫ મહાદેવપુરા, તા.વિજાપુર, મહેસાણા
- સ્વ. પ્રજાપતિ સ્મિતાબેન વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૫૫, જમીયતપુરા, તા. ગાંધીનગર
- સ્વ. અમૃતબેન હરૂજી બિહોલા, ઉ.વ. ૬૨, પાલજ નવા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ભટ્ટ સનતકુમાર યશવંતરાય, ઉ.વ.૭૯, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. ભારતીબેન ઘનશ્યામભાઈ ત્રિવેદી, ઉ.વ. ૬૮ સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર ટીનુજી શંભુજી, ઉ.વ. ૩૪, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ નાથીબેન પ્રેમાભાઈ, ઉ.વ. ૬૨, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ગાંડાજી પુંજાજી, ઉ.વ. ૬૬, ચિલોડા મોટા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઝાલા રાજેન્દ્રસિંહ માલુસિંહ, ઉ.વ. ૪૫, વજાપુરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રમણભાઈ રામાભાઈ શર્મા, ઉ.વ. ૮૫, ચિલોડા (ડ), તા. ગાંધીનગર
- સ્વ. સરોજની પ્રભાકરન નાયર, ઉ.વ. ૮૨, વાવોલ, ગાંધીનગર
- સ્વ. લક્ષ્મીબેન રમેશચંદ્ર ચાવડા, ઉ.વ. ૬૫, સેકટર-૧૨, ગાંધીનગર
- સ્વ. રાવલ રંજનબેન કાન્તીલાલ, ઉ.વ. ૬૮, બિલોદરા, તા.માણસા, જી. ગાંધીનગર
- સ્વ. રબારી મોતીભાઈ જેઠાભાઈ, ઉ.વ. ૫૭, ગોકુલપુરા, સે-૧૪, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પ્રવિણસિંહ વદનસિંહ પુવાર, ઉ.વ. ૬૬, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. જયનારાયણ ગંગાપ્રસાદ પાંડે, ઉ.વ. ૭૭, સેકટર-૧૪, ગાંધીનગર
- સ્વ. મીના મહાલિંગમ ઐયર, ઉ.વ. ૬૬, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. પટેલ બાલુભાઈ પરસોત્તમભાઈ, ઉ.વ. ૮૦, વાસણા, તા. માંડલ, અમદાવાદ
- સ્વ. શકરીબેન લાલુલાલ પટેલ, ઉ.વ. ૭૮, ગણેશપુરા, તા. કડી, મહેસાણા
- સ્વ. પટેલ રઈબેન બબલદાસ, ઉ.વ. ૮૪, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. બિન્દુબેન હીરાલાલ સહાની, ઉ.વ. ૬૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ભાનુપ્રસાદ શકરાલાલ રાણા, ઉ.વ. ૭૪, વાવોલ, ગાંધીનગર
- સ્વ. અમરતલાલ વાઘજીભાઈ મકવાણા, ઉ.વ. ૭૨, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. પટેલ વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૭૬, જેપુર, તા. વિજાપુર, મહેસાણા